સુવિચાર : અધ્યાત્મમાં કંઇ મેળવવાનું નથી, અધ્યાત્મ એ તો પ્રતીતિનો વિષય છે, પ્રાપ્તિ તો નહીં - મોરારિ બાપુ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૭ | ૭ એપ્રિલ, ૨૦૧૫, મંગળવાર ; ચૈત્ર વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦




# પંચામૃત ભવનનું નિર્માણ સ્થગિત કરવા વિચારણા

## સરકાર દ્વારા ચાલી રહેલી ગંભીર વિચારણા : ટુંકમાં વિધિવત જાહેરાત થાય તેવી શકયતાઓ : પાંચ લાખ ચો.મી. જમીનમાં આ ભવન નિર્માણ કરવાનું આયોજન

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરના સીમાડે સાબરમતીના તટમાં આકાર પામનાર પંચામૃત ભવન પ્રોજેકટને હાલ પુરતો સ્થગિત કરવાની દિશામાં સરકારે સક્રિય વિચારણા હાથ ધરી છે અને આ અંગેની સત્તાવાર જાહેરાત ટુંકમાં થાય તેવી શકયતાઓ છે.

ગાંધીનગર શહેરમાં રાજભવન નજીક પાંચ લાખ ચો.મી. જેટલી જગ્યામાં રાજય સરકારે પંચામૃત ભવન નિર્માણ કરવાની યોજના બનાવી હતી. મહાત્મા મંદિરના નિર્માણ સાથે આ પ્રોજેકટની પણ જાહેરાત કરાઈ હતી.

મહાત્મા મંદિરને પ્રેરણા કેન્દ્ર નામ અપાયું હતું તેમજ પરિણામ એટલે પંચામૃત ભવન એવું તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું. જળશકિત, જ્ઞાનશકિત, રક્ષા શકિત સહિત કુલ પાંચ શકિતઓના પરિણામને લઈ વિકાસ યાત્રાની ઝાંખીનું નિર્માણ આ ભવનમાં કરવાનું આયોજન હતું.

રાજય સરકારે આ માટે ખાસ તજજ્ઞોની મદદથી તેની ડિઝાઈનો પણ તૈયાર કરી હતી. તાજેતરમાં ગાંધીનગર શહેરમાં આ પંચામૃત ભવનના નિર્માણથી નગરના પર્યાવરણને મોટું જોખમ ઉભું થવાના ભય સાથે એક લોક આંદોલન પણ છેડાઈ ચુકયું છે.

શહેરના વિવિધ વિસ્તારોમાં આ અંગે વિરોધનો વંટોળ ઉભો થઈ રહ્યો છે. કેટલાક વૃક્ષ પ્રેમીઓએ તો આ પંચામૃત ભવનના નિર્માણ સ્થળે જઈ અને વૃક્ષોને રક્ષાસૂત્ર પણ બાંધ્યા હતા તેવા અખબારી અહેવાલો પ્રગટ થયા હતા.

બીજું વન વિભાગ સાથે વનસંપદાને કેટલી હાનિ થઈ શકે તેનો અભ્યાસ કરાવવા માગે છે. જો કે જાણકારોના કહેવા મુજબ વનસંપદાને ઓછું નુકશાન થાય તેવી ડિઝાઈન બનાવવામાં આવે તો પણ પ્રાથમિક સુવિધાઓ અને બીજી સવગડો માટે વૃક્ષો દૂર કરવા પડે આથી સરકાર હાલ કોઈ ઉતાવળમાં નથી.

ગાંધીનગર શહેર આમ તો રચનાકાળથી જ સતત વિવાદો વચ્ચે ઉછરતું શહેર છે પણ સરકાર વિકાસ માટે નવા વિવાદો ઉભા થાય તેમ નથી ઈચ્છતી.

# 'મતદાર યાદી શુદ્ધતા અને અધિકૃતતા કાર્યક્રમ' અન્વયે ૧૨મીએ ખાસ કેમ્પ

ગાંધીનગર, તા.૬

મતદાર યાદીમાં નામ ન હોય, નામ બેવડાતા હોય, ફોટો ઈમેજ તથા નામ - સરનામામાં ભૂલ હોય તો તેની સુધારણા માટે તથા મતદાર યાદીમાં આધાર કાર્ડનો નંબર ઉમેરવા માટે ચૂંટણી પંચ દ્વારા ખાસ કેમ્પનું આયોજનઆગામી તા.૧૨મી એપ્રિલના રોજસવારે ૧૦-૩૦ થી સાંજે ૫-૩૦ દરમિયાન કરવામાં આવ્યું છે.

ભારતના ચૂંટણી પંચ તરફથી સમગ્ર રાષ્ટ્રમાં 'રાષ્ટ્રીય મતદાર યાદી શુદ્ધતા અને અધિકૃતતા કાર્યક્રમ' શરૂ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત ખાસ કરીને મતદાર યાદીમાં કોઈ મતદારના નામ બેવડાતા હોય કે મતદારની ફોટો ઈમેજમાં કે મતદારની વિગતમાં ભૂલ હોય તો તે દૂર કરવા સારૂ જે તે મતદાર પાસેથી મતદાર નોંધણી નિયમો અન્વયે નિયત નમૂનાનાં ફોર્મ નં.૮માં અરજી મેળવીને તેની ઉપર નિયમાનુસાર કાર્યવાહી કરી મતદાર યાદીઓ ક્ષતિરહિત અને સંપૂર્ણ બને તે માટે ચૂંટણી તંત્ર દ્વારા સઘન પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત મતદાર જો 'આધાર કાર્ડ' મેળવેલ હોય તો મતદાર પાસેથી આધાર નંબર મેળવીને તેને મતદાર યાદીનાં ડેટા સાથે જોડવા માટે પણ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

આ કામગીરી માટે મતદારોની વિગતોને તથા મતદારના ફોટો ઈમેજ આવરી લઈ મતદાર યાદીનાં પ્રત્યેક ભાગ એક 'બુથ લેવલ ઓફીસર રજિસ્ટર' તૈયાર કરવામાં આવેલ છે. જેમાં ઉક્ત માહિતી ઉપરાંત મતદારના આધાર નંબર, મોબાઈલ નંબર, જન્મ તારીખ વગેરે માહિતીનો પણ સમાવેશ કરી લેવામાં આવે છે.

ભારતના ચૂંટણી પંચ દ્વારા રાજ્યના તમામ મતદાન સ્થળોએ તા. ૧૨ એપ્રિલ, ૨૦૧૫ રવિવારના રોજ સવારે ૧૦-૩૦ થી સાંજે ૫-૩૦ દરમિયાન 'ખાસ કેમ્પ'નું આયોજન કરવામાં આવેલ છે. આ સમયગાળા દરમિયાન તમામ મતદાન સ્થળો ઉપર બુથ લેવર ઓફીસર તેમને સુપરત કરવામાં આવેલ ભાગનાં રજિસ્ટર સાથે સમગ્ર સમય દરમિયાન હાજર રહી મતદારોને માર્ગદર્શન આપશે. તેમજ મતદાર યાદી / બુથ લેવલ રરજીસ્ટરની ચકાસણી દરમિયાન કોઈ ભુલ ધ્યાને આવે તો તે સુધારણાની કાર્યવાહી માટે સ્થળ ઉપર જ ફોર્મ નં.૮ ભરાનીને બીઓએલને પરત આપી શકાશે. તેમજ મતદાર પાસેથી 'આધાર

● અનુસંધાન પાન-૭ પર



ઉનાળાની ભરબપોરે માર્ગો સુમસામ

(તસવીર : દિપક જાની)

# ગુજકોટોક બીલ સામે કોંગ્રેસનું આવેદનપત્ર

ગાંધીનગર, તા.૬

ગુજકોટોક અંગે વિપક્ષ કોંગ્રેસે આજે રાજયપાલશ્રીને આવેનદપત્ર આપીને જણાવ્યું હતું કે ગુજકોટોકનો કાયદો ફકત ને ફકત પોતાના રાજકિય હિત ખાતર લાવેલ હોવાથી આ કાયદાનો મંજુરી ન આપવા રાજયપાલશ્રીને રજુઆત કરવામાં આવી હતી.

આજે પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ ભરતસિંહ સોલંકી અને વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાની આગેવાનીમાં કોંગ્રેસના ધારાસભ્યોના પ્રતિનિધિ મંડળે રાજયપાલશ્રીને મળીને તાજેતરમાં રાજય સરકાર દ્વારા વિધાનસભામાં પસાર કરવામાં આવેલ ગુજકોટોકનો વિરોધ કરતું આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

કોંગ્રેસે રાજયપાલશ્રીને સુપરત કરેલ આવેદનપત્રમાં રજુઆત કરી હતી કે રાજય સરકારે ગુજકોટોક બીલને બહુમતીથી પસાર કર્યું અને



કાયદો બનાવવા માટે રાજયપાલશ્રીને મોકલી આપવાના છે. તેના અનુસંધાને અમોએ આ બીલ કે જેને અગાઉ બે વખત રાષ્ટ્રપતિ અને એક વખત રાજયપાલશ્રીએ મંજુરી આપેલ નથી તેમજ જે તે વખતે ગૃહમંત્રી તરીકે અડવાણી હોવા છતાં મંજુરી માટે સુધારા સૂચવી આ બીલ પરત મોકલેલ. આ બીલની જોગવાઈ જોઈએ તો ગમે ત્યારે ગમે તે સામાન્ય નાગરિકની જાસુસી કરી શકે કોઈ પણ કારણ આપ્યા સિવાય નિર્દોષને પકડી શકે તેના ૬ મહિના જામીન ન થાય વગેરે બંધારણને સુસંગત ન હોય તેવી જોગવાઈઓ હોવાના કારણે ભૂતકાળમાં આ બીલ રાષ્ટ્રપતિએ અને રાજયપાલશ્રીઓને ગુજરાત સરકારને કેટલાક સુધારા વધારા સૂચવી પરત મોકલેલ આમ છતાં આ બીલમાં કોઈ સુધારા ન સ્વીકારીને મૂળ સ્થિતિમાં જ બહુમતીના જોરે અને માત્રને માત્ર રાજકીય ફાયદો મેળવવાના હેતુસર પાસ કરેલ છે. આથી ગુજરાત સરકારે કાયદો બનાવવા માટે આ બીલને પાસ કર્યું છે અને મંજુરી માટે રાજયપાલને મોકલશે. તેમાં રાજયપાલશ્રી પોતાની સહી ન કરે અને આ બીલને કાયદાનું

## આજથી ઓરલ હેલ્થ સ્ક્રીનીગ અભિયાન શરૂ કરાશે

અમદાવાદ, તા.૬

મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આવતીકાલે મંગળવાર, તા. ૭ એપ્રિલ વિશ્વ આરોગ્ય દિવસે ગુજરાતાં મધુપ્રમેહ સ્ક્રીનીગ, સ્તન અને ગર્ભાશય મુખ દ્વાર કેન્સર સ્ક્રીનીં અને ઓરલ હેલ્થ સ્ક્રીનીગ તથા સંપૂર્ણ બાળ રસીકરણ ઘનિષ્ઠ અભિયાનનો રોજય વ્યાપી પ્રારંભ કરાવશે. મુખ્યમંત્રી વિશ્વ આરોગ્ય દિવસ અવસરે યોજનારા આ બહુવિધ આરોગ્ય સેવા લોંન્ચીગ કાર્યક્રમ સાથે જ પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો તથા સબ સેન્ટર્સના આરોગ્ય કર્મીઓને શ્રેષ્ઠ સેવાઓના એવોર્ડઝ પણ અર્પણ કરવાના છે. આરોગ્ય મંત્રી નીતિનભાઈ પટેલ, રાજયમંત્રી શંકરભાઈ ચૌધરી, પ્રદીપસિંહ જાડેજા અને અગ્રણીઓની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ આવતીકાલે યોજાશે.



તલાટી
ગુજરાત સરકારમાં નોકરી મેળવો
ધોરણ-12 પાસ
2440+ જગ્યાઓ
✔ પરીક્ષા સુધીનો કોર્ષ
✔ નિયમિત ટોપિકસના અંતે ટેસ્ટ
✔ 25000+ વધુ પ્રશ્નોનું સોલ્યુશન
✔ 100% ગેરંટીથી પરીક્ષાલક્ષી શિક્ષણ
સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE
(તલાટી) બ્રિલિયન્ટ બેચ-2015
નાપાસ થવાથી ફી 100% પરત
ફી ₹ 99,000/- 100% રીફન્ડેબલ
બેચ-I : બપોરના 12 થી 3 પ્રવેશ ચાલુ છે
(પ્રવેશ માટેની અંતિમ તા. 15-4-2015)
બેચ-II : સવારના 9 થી 12 (સોમ થી શની)
(બેચ શરૂ થવાની તા. તા. 03-5-2015)
ઈકોનોમિક બેચ શરૂ થવાની વિગત

| બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|
| 16.04.2015 | બપોરના 3-15 થી 5-15 | સોમ થી શુક્ર |
| 23.04.2015 | બપોરના 1-00 થી 3-00 | સોમ થી શુક્ર |
| 02.05.2015 | બપોરના 1-00 થી 5-00 | શનિ / રવિ |

ફી માત્ર ₹ 18,000/-
TCCI EDUCATION PVT. LTD.
MUKESH PATEL : 90990 76788
328/2, પ્રથમ માળ, દેના ગુજ. ગ્રામીણ બેંક પાસે, ઘ-2 થી ઘ-2ની વચ્ચે, સે. 7/A, ગાંધીનગર
નાયબ મામલતદાર/ Dy.S.O.
શનિ / રવિ : બપોરના 3-00 થી 7-00
પ્રવેશ ચાલુ છે ... ફી માત્ર ₹ 24000/-
ગેરેંટેડ બેચ માં બપોરના 3 થી સાંજના 6
રવિવાર થી શુક્રવાર (ફી માત્ર ₹ 99,000/-)
પ્રવેશ માટેની અંતિમ તા. 14-4-2015



ગાંધીનગરમાં સૌથી વિશાળ પાર્ટી પ્લોટ


શિવાલય
ફાર્મ & પાર્ટી પ્લોટ
● ૧,૨૫૦૦૦ સ્કે. ફૂટ લોન એરીયા
● અધતન કીચન તથા વોશ એરીયા
● બાળકો માટે પ્લે એરીયા
● વિશાળ પાર્કીગની સુવિધા, આકર્ષક એન્ટ્રી ગેટ
● ૧૦,૦૦૦ માણસની કેપેસીટી
● અલગ Groom અને Bridle રૂમ
મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ-ડે પાર્ટી, ગેટ-ટુ-ગેધર તથા શુભ પ્રસંગ માટે
બુકીંગ ચાલુ છે - ૧૧/૫/૨૦૧૫થી...
વાઘેલા ઘનશ્યામસિંહ એમ.- ૯૮૨૫૦ ૨૨૧૭૩
વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. - ૯૮૨૫૬ ૦૪૫૭૫
ક-૭ ચોકડી, વસંત વગડોની સામે, ગાંધીનગર-માણસા હાઈવે, ગાંધીનગર


# સમગ્ર ગુજરાતમાં ભાજપા સ્થાપના દિવસની ઉજવણી

## ગુજરાતના પૂર્વ મુખ્યપ્રધાન કેશુભાઈ પટેલ ભાજપ પ્રદેશ કાર્યાલય પર પહોંચ્યા

અમદાવાદ, તા.૬

સમગ્ર ગુજરાતમાં ભાજપ સ્થાપના દિવસના પ્રસંગે જિલ્લા અને મંડળોમાં ઉજવણી કરાઈ હતી. પ્રદેશ પ્રવક્તા આઈકે જાડેજાએ આ અંગે માહિતી આપી હતી. પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ પણ પ્રદેશ કાર્યાલયની ઓફિસે પહોંચ્યા હતા.ભારતીય જનતા પક્ષના ૦૬ એપ્રિલ આજના સ્થાપના દિવસે સમગ્ર ગુજરાતમાં કાર્યકર્તાઓ દ્વારા વિવિધ કાર્યક્રમો થયેલ છે. રાજયના તમામ જીલ્લા અને મંડલોમાં આજના દિવસે કાર્યકર્તાઓની બેઠકો તેમજ ભારતીય જનતા પાર્ટીના કાર્યકાળની વિગતોનું અહેવાલ સાથે માર્ગદર્શન કરાયેલ છે. દાહોદ ખાતે માન.મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને પ્રદેશ અધ્યક્ષ આર.સી.ફળદુની ઉપસ્થિતિમાં વિશેષ કાર્યક્રમ થયેલ છે. સમગ્ર ગુજરાતના મંડળોમાં પ્રાથમિક સભ્યો બન્યા છે. તેમની બેઠકો અને સક્રિય સભ્યો બનાવવાની કાર્યવાહી પણ આજ રોજ શરૂ થઈ ગયેલ છે. રાજય અને કેન્દ્ર સરકારની સિદ્ધિઓ તેમજ ભાજપની સંગઠન શક્તિ વગેરે વિષયોની તમામ જીલ્લાઓમાં જુદા જુદા વક્તાઓ દ્વારા માર્ગદર્શન અપાયેલ છે.

દરેક બેઠકોમાં ભાજપના કાર્યકર્તાઓ શપથ પણ લેવડાવવામાં આવેલ છે. આ સિવાય અનેક મંડલોમાં જનસંઘ અને ભાજપના સીનીયર આગેવાનોને મળીને શુભેચ્છાઓની આપલેનો પણ સમાવેશ થયેલ છે. આજ રોજ પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ પ્રદેશ અધ્યક્ષ આર.સી.ફળદુનું નિમંત્રણ સ્વીકારીને પ્રદેશ ભાજર કાર્યાલય ખાતે આવેલ જ્યા ભાજપના પ્રદેશ અધ્યક્ષ, મહામંત્રીઓ અને સીનીયર આગેવાનોએ તેમનું સ્વાગત કરેલ માન. કેશુભાઈ પટેલ પંડિત દીનદયાળજી અને ર્ડા. શ્યામાપ્રસાદ મુખરજીને પુષ્પાજલિ અર્પણ તેમજ પ્રદેશના આગેવાનો સાથે હળવી ચર્ચા કરેલ. પ્રથમ વખત કોબા કાર્યાલયની મુલાકાતે આવેલ માન.કેશુભાઈ પટેલે હર્ષની લાગણી વ્યક્ત કરેલ.

સમગ્ર ગુજરાતમા સંગઠન પર્વનું કાર્ય જ્યારે વિશેષતા સાથે ચાલી રહ્યું છે ત્યારે પ્રદેશ અધ્યક્ષ આર.સી.ફળદુએ પણ ભાજપાના આજના સ્થાપના દિનની શુભેચ્છાઓ વ્યક્ત કરીને સંગઠન વધુ બળવત્તર બનાવવા કાર્યકર્તાઓને અનુરોધ કરેલ.


૧ થી ૩૦ સેક્ટર માટે
LED TV, LCD TV, Colour TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬